પોલીસ અધિક્ષકની કચેરી, પંચમહાલ,ગોધરા,
સરનામું સિવીલ લાઇન્સરોડ, ગોધરા.- ૩૮૯૦૦૧,
પોલીસ કંટ્રોલ રૂમ ટે.નં.- (૦૨૬૭૨) ૨૪૨૫૦૪, ૨૪૫૯૭૨,
ફેકસ નંબર - (૦૨૬૭૨) ૨૪૨૮૧૨,
ઇ-મેઇલ એડ્રેસ - sp-pan@gujarat.gov.in

ક્રમાંકઃગનહ/આર.બી./૩૩૦૪/૩૪૮૧/૨૦૨૨
પોલીસ અધિક્ષકની કચેરી
પંચમહાલ ગોધરા તા.૨૮/૧૦/૨૦૨૨

પ્રતિ,
એકઝીકયુટીવ શ્રી,
ગુજરાત ઇન્ફોર્મેટીક લીમીટેડ,
બ્લોક નં.૧, ૮ મો માળ,
ઉધોગ ભવન, ગાંધીનગર.

**વિષયઃ-** પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવતી સારી કામગીરીને વેબસાઇટ ઉપર દર સપ્તાહે અપલોડ કરવા બાબત.

**હવાલોઃ-** (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા.ગાંધીનગરના પત્ર ક્રમાંકઃજી-૧ (ક્રાઇમ)/ટે.૨ / સારી કામગીરી/૧૭૮૧/૧૨ તા.૧૭/૫/૧૨

(૨) આપશ્રીના ફેકસ મેસેજ નં.સી.સી./કોન્સોલ/૫૮૦ /૨૦૧૨ તા.૨૩/૫/૨૦૧૨ આધારે

સવિનય ઉપરોકત વિષય અને હવાલા અન્વયે જણાવવાનું કે, પોલીસ વિભાગ ધ્વારા કરવામાં આવતી સારી કામગીરીને વેબસાઇટ ઉપર દર સપ્તાહે અપલોડ કરવા બાબતે ઉપરોકત હવાલાવાળા પત્રથી જણાવવામાં આવેલ છે તો અત્રેના પંચમહાલ જીલ્લામાં **તા.૧૭/૧૦/૨૦૨૨ થી તા.૨૩/૧૦/૨૦૨૨** સુધી પોલીસ ધ્વારા કરવામાં આવેલ સારી કામગીરીની વિગતનીચે મુજબ છે. જે આપશ્રીને વિદીત થાય.

**ગુન્હો ડીટેકટ-૩**

(૧) વડોદરા જીલ્લાના ગોરવા પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.૧૧૧૯૬૦૦૭૨૨૦૪૯૪/૨૦૨૨ ઇપીકો કલમ ૩૭૯ મુજબ ગુનામા એક બજાજ પલસર મોટરસાઇકલ કિં.રૂા.૪૦,૦૦૦/- કોઇ ચોર ઇસમ ચોરી કરી લઇ ગયા વિગેરે બાબતનો ગુન્હો રજી. કરવામા આવેલ આ કામે પો.ઇન્સ. એસ.ઓ.જી. શાખા ગોધરા નાઓને મળેલ બાતમી આધારે તા.૨૦/૧૦/૨૦૨૨ ના રોજ એક ઇસમ નામે જાવેદ સુલેમાન સમોલ રહે. મેદા પ્લોટ અબુ બક્કર મસ્જીદ પાસે ગોધરા નાને એક બજાજ પલસર મોટરસાઇકલ કિં.રૂા.૪૦,૦૦૦/- તથા એક મોબાઇલ ફોન કિં.રૂા.૮,૦૦૦ સાથે પકડી પાડી સી.આર.પી.સી કલમ ૪૧(૧)(ડી),૧૦૨ મુજબ અટક કરી તેની સઘન પુછપરછ કરતા ઉપરોકત મોટર સાયકલ ચોરી કરેલાની કબુલાત કરતા સદર મોટરસાઇકલ બાબતે વડોદરા જીલ્લાના ગોરવા પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.૧૧૧૯૬૦૦૭૨૨૦૪૯૪/૨૦૨૨ ઇપીકો કલમ ૩૭૯ મુજબ ગુનો દાખલ થયેલ છે જે ગુનો પો.ઇન્સ. એસ.ઓ.જી. શાખા ગોધરા નાઓ દ્વારા ડીટેકટ કરવામા આવેલ છે.

(૨) હાલોલ ટાઉન પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૭૦૨૮૨૨૦૪૨૭/૨૦૨૨ ઇ.પી.કો. ૪૫૭, ૩૮૦ મુજબનો ગુન્હો તા.૧૪/૧૦/૨૦૨૨ ક.૨૩/૪૫ થી તા.૧૫/૧૦/૨૦૨૨ ક.૪/૩૦ દરમ્યાન અનંતા કોમ્પલેક્ષ તરાસના ફાયનાંન્સ

કંપનીની ઓફિસમાં ગોધરા રોડ હાલોલ **ખાતે** આ કામના કોઇ ચોર ઈસમ ફરી.ના ફાયનાંન્સ કંપનીના ઓફિસનો દરવાજો ખોલી ફાયનાંન્સ કંપનીની ઓફિસમાં ટેબલ ઉપર HP કંપનીનુ લેપટોપ નંગ–૧ કિ.રૂ.૨૦,૦૦૦/– તથા I BALL કંપનીના ટેબલેટ નંગ–૨ કિ.રૂ.૧૦,૦૦૦/– તથા પલંગ ઉપર મુકેલ (૧) રમીઝ રાજા દીવાન નો ઓપ્પો કંપનીનો A55 મોડલનો મોબાઇલ કિ.રૂ.૧૨,૦૦૦/– (૨) મારો ફરી.નો વીવો ૧૮૦૭ મોડલનો મોબાઇલકિ.રૂ.૧૭,૦૦૦/– (૩) વિશાલકુમાર રમણભાઇ નીસરતા નો વીવો V 2031 મોડલનો મોબાઇલ કિ.રૂ.૧૫,૦૦૦/– નો (૪) ઓપ્પો ૫૭ મોડલનો મોબાઇલ કિ.રૂ.૧૦,૦૦૦/– (૫) અમરસીંગ સર્તનભાઇ બારીઆ નો સેમસંગ ગેલેક્ષી ૭ મોડલનો મોબાઇલ કિ.રૂ.૧૫,૦૦૦/– ના જોવા મળેલ નહિ આમ ઉપરોક્ત તમામ લેપટોપ, ટેબલેટ નંગ–૨ તથા મોબાઇલ ફોન નંગ–૫ મળી કુલ કિ. રૂપિયા ૯૯,૦૦૦/–ની કોઇ ચોર ઇસમ ચોરી કરી લઇ **ગયા** વિ. બાબત**નો ગુન્હો રજી. કરવામા આવેલ. આ કામે** હાલોલ ટાઉન પો.સ્ટે. સ્ટેશન ડાયરી એન્ટ્રી નંબર ૧૮/૨૦૨૨ તા.૧૮/૧૦/૨૦૨૨ ના કામે સામાવાળા મોઇન ઉર્ફે જફર ઉમરભાઇ કાજી રહે.પુરસોતમ સોસાયટી જી.ઇ.બી. સામે કાલોલ તા.કાલોલ જી.પંચમહાલ નાઓને સી.આર.પી.સી. કલમ ૪૧(એ) મુજબ તા.૧૮/૧૦/૨૦૨૨ ક. ૧૫/૩૦ વાગે અટ**ક કરી** અને તેના કબજામાંથી લેપટોપ નંગ– ૧ કિ.રૂ.૨૦,૦૦૦/– તથા ટેબલેટ નંગ– ૨ કિ.રૂ. ૧૦,૦૦૦/– તથા મોબાઇલ ફોન નંગ– ૩ કિ.રૂ.૩૭૦૦૦/– એમ મળી કુલ રૂ. ૬૭,૦૦૦/– નો મુદ્દામાલ સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે કબજે કરી ઉપરોકત પકડાયેલ ઇસમને લેપટોપ તથા ટેબલેટ તથા મોબાઇલ ફોન સંબધે પુછપરછ કરતા હકીકત જણાવેલ છે કે આજથી ત્રણેક દિવસ પહેલા રાતના સમયે હાલોલ ગોધરા રોડ ઉપર આવેલ કોમ્પલેક્ષમાં આવેલ એક ઓફીસમાંથી લેપટોપ તથા ટેબલેટ તથા મોબાઇલ ફોનની ચોરી કરી લાવેલાની કબુલાત કરેલ છે જે સંબધે તપાસ કરતા હાલોલ ટાઉન પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૭૦૨૮૨૨૦૪૨૭/૨૦૨૨ ઇ.પી.કો. ૪૫૭, ૩૮૦ મુજબનો અનડીટેકટ ગુનો **પો.ઇન્સ. એલ.સી.બી. શાખા ગોધરા નાઓ દ્વારા** ડીટેકટ **કરવામા આવેલ છે.**

(૩) ગોધરા શહેર એ ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૭૦૨૫૨૨૦૬૭૯/૨૦૨૨ ઇ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ**નો ગુન્હો** તા.૨૨/૦૯/૨૦૨૨ ક. ૮/૦૦ થી તા.૩૦/૦૯/૨૦૨૨ ક.૨૧/૩૦ વાગ્યે મોજે બદરી મહોલ્લા, ગોધરા **ખાતે** કોઇ અજાણ્યા ચોર ઈસમો આ કામના ફરીયાદીના સાસુ સોફીયાબેન નાઓના મકાનના મેઇન દરવાજાને મારેલ તાળુ તોડી દરવાજામાંથી ફરી.ના સાસુ સોફીયા નાઓના મકાનની અંદર પ્રવેશ કરી મકાનના બેડરૂમમા આવેલ તીજોરીના તથા ગલ્લાના તાળા તોડી તિજોરીમા અંદરના ખાનામા મુકી રાખેલસોના ચાંદીના દાગીના કિ.રૂ.૧,૫૫,૦૦૦/– ના મત્તાની ચોરી કરી લઇ **ગયા** વિ. બાબત**નો ગુન્હો રજી. કરવામા આવેલ આ કામે** ગોધરા શહેર એ ડીવીઝન પો.સ્ટે. સ્ટેશન ડાયરી એન્ટ્રી નંબર ૧૧/૨૦૨૨ તા.૧૮/૧૦/૨૦૨૨ ના કામે સામાવાળા (૧) ફીરદોસ ઉર્ફે ડડલ સીંકદર બક્કર રહે. ગેની પ્લોટ ઉમર મસ્જીદની સામે ગોધરા (૨) મોહસીન ઉર્ફે સીડી સુલેમાન સમોલ રહે. પોલન બજાર વાલી ફળીયા નં. ૩ ગોધરા નાઓને સી.આર.પી.સી. કલમ ૪૧(એ) મુજબ તા.૨૩/૧૦/૨૦૨૨ ક. ૧૫/૩૦ વાગે અટક **કરી** અને તેના કબજામાંથી રોકડા રૂ.૩,૦૦,૦૦૦/– તથા મોટર સાયકલ નંબર જી.જે.૧૭ બી.એમ.૩૮૦૧ કિ.રૂ.૩૦,૦૦૦/– એમ મળી કુલ રૂ.૩,૩૦,૦૦૦/– નો મુદ્દામાલ સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે કબજે કરી ઉપરોકત પકડાયેલ આજથી પચ્ચીસેક દિવસ પહેલા રાત્રીના સમયે પકડાયેલ બંને ઇસમો તથા કાસમ અબ્દુલ અજીજ મણકી ઉર્ફે કાસમ કાલીયો રહે. ગોહ્યા મહોલ્લા ગોધરા તથા અબ્દુલ રહીમ યામીન સાઇ ઉર્ફે સૈયો રહે. મેદા પ્લોટ ગોધરા નાઓ રાત્રીના સમયે કીકેરી ચોકડી પાસે ભેગા થયેલા અને અબ્દુલ રહીમ યામીન સાઇ ઉર્ફે સૈયો નાઓએ જણાવેલ કે ગોધરા બદરી મહોલ્લામાં એક વ્હોરાજીનુ મકાન છે તેમા એક લેડીઝ એકલી જ રહે છે અને તે બહાર ગામે ગયેલ છે અને મકાન બંધ તે મકાનની અંદર સોના ચાંદીના ઘરેણા તથા રોકડા રૂપિયા મુકી રાખેલ છે તેની ચોરી કરવા જવાનુ કહેતા અમો તમામે ચોરી કરવાની હા પાડેલ અને ઉપરોકત પકડાયેલ મોટર સાયકલ તથા બીજી અબ્દુલ રહીમ યામીન સાઇ ઉર્ફે સૈયાની પેશન પ્રો મોટર સાયકલ લઇને કીકેરી ચોકડીથી નીકળી બદરી મહોલ્લામા અબ્દુલ રહીમ યામીન સાઇ ઉર્ફે સૈયાના જોયેલ મકાન નજીક જઇ મોટર સાયકલો ગલીમાં મુકી તે મકાનને મારેલ દરવાજાનુ તાળુ અબ્દુલ રહીમ યામીન સાઇ ઉર્ફે સૈયા નાઓની પાસેની નરાસથી તોડી મકાનની અંદર પ્રવેશ કરી તીજોરીઓના લોક તોડી તીજોરીમાં મુકી રાખેલ સોના ચાંદીના ઘરેણા તથા રોકડા રૂપિયાની ચોરી કરી લઇ જતા રહેલ હતા અને આ ચોરીના સોના ચાંદીના ઘરેણા તથા રોકડા રૂપિયા અબ્દુલ રહીમ યામીન સાઇ ઉર્ફે સૈયો તથા અબ્દુલ અજીજ મણકી ઉર્ફે કાસમ કાલીયો નાઓ બંને લઇ ગયેલ હતા અને તે ચોરીના સોના ચાંદીના ઘરેણા થોડા કોઇ જગ્યાએ તેઓ બંને વેચી અમારા ભાગમાં બે બે લાખ રૂપિયા આપેલ હતા તે પૈકીના આ પકડાયેલ રોકડા રૂપિયા હોવાની હકીકત જણાવેલ છે. જે સંબધે તપાસ કરતા ગોધરા શહેર એ ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૭૦૨૫૨૨૦૬૭૯/૨૦૨૨ ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબનો ગુનો રજીસ્ટર થયેલ હોય જે અનડીટેકટ ગુનો **પો.ઇન્સ. એલ.સી.બી. શાખા ગોધરા નાઓ દ્વારા** ડીટેકટ કરવામાં આવેલ છે.

## પકડેલ વોન્ટેડ આરોપીઓ-૦૨

(૧) ગોધરા શહેર બી ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૭૦૦૨૨૨૦૨૨૫/૨૦૨૨ ઇ.પી.કો. ક.૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુનાના કામે નાસતો ફરતો વોન્ટેડ આરોપી રફીક ઇબ્રાહીમ હસુ કડીયા ઉર્ફે રફીક ચમડો રહે. ઇદગાહ મહોલ્લા ગોધરા તા.ગોધરા જી. પંચમહાલ નાઓને **પો.ઇન્સ. એલ.સી.બી. નાઓ દ્વારા** તા.૨૦/૧૦/૨૦૨૨ ક.૧૩/૩૦ વાગે હસ્તગત કરી ગોધરા શહેર બી ડીવીઝન પો.સ્ટે. ને સોપવમાં આવેલ છે.

(૨) હાલોલ ટાઉન પો.સ્ટે.ગુ.ર.નં. ૯૪/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુનાના કામે નાસતો ફરતો વોન્ટેડ આરોપી સોહેલ નસીમ કુરેસી રહે. હાલોલ કસ્બા ૧૦૧ કોલોની તા.હાલોલ નાઓને **પો.ઇન્સ. એલ.સી.બી.**

ગોધરા નાઓ દ્વારા તા. ૨૦/૧૦/૨૦૨૨ ક.૧૪/૪૫ વાગે હસ્તગત કરી હાલોલ ટાઉન પો.સ્ટે. ને સોપવમાં આવેલ છે.

**એન.ડી.પી.એસ. એકટ હેઠળ શોધી કાઢવામા આવેલ કેસ-૦૧**

(૧) ગોધરા તાલુકા પોલીસ સ્ટેશન બી.પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૭૦૨૪૨૨૦૬૪૫/૨૦૨૨ એન.ડી.પી.એસ એક્ટ ૧૯૮૫ ની કલમ ૧૫, ૨૫, ૨૯ મુજબના કામે તા.૧૭/૧૦/૨૦૨૨ ક.૨૩/૫૫ વાગે મોજે. પરવડી ચોકડી પાસે આરોપીઓ (૧) સવાઇરામ બિશ્નારામ જારી રહે.જુનેજો કી બસ્તી તા.શીવ જી.બાડમેર રાજય રાજસ્થાન (૨) ગોરધનલાલ ડુગરારામ ડઉકીયા (જાટ) રહે.ગામ ભોરટીયા તા.જી.બાડમેર પોલીસ સ્ટેશન નાગાના રાજસ્થાન નાએ પોતાના કબજા ભોગવટાના ટેન્કર નંબર RJ 39 GA 3936 મા પોસ ડોડા ભરેલ પ્લાસ્ટીકના મિણીયાની ગુણો નંગ-૧૧૦ જેનુ ચોખ્ખુ વજન ૨૦૨૮.૪૦૦ કિલોગ્રામ જે એક કીલોગ્રામ પોસ ડોડાની કિંમત રૂા.3000/- લેખે ૨૦૨૮.૪૦૦ કીલોગ્રામની કિંમત રૂા.૬૦,૮૫,૨૦૦/- તથા ટેન્કરની કિં.રૂા.૧૦,૦૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૨ કિં.રૂા.૫૫૦૦ તથા અંગ ઝડતીના રોકડા રૂા.૪૪,૫૦૦/- તથા તથા આધારકાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ગાડીની આર.સી. બુક, વીમા પોલીસી, મોટર વ્હીકલ ટેકસ રીસીપ્ટ ની નકલ જે તમામની કિ.રૂા.૦૦/૦૦ તથા લીધેલા સેમ્પલોની કિ.રૂા.૦૦/૦૦ એમ કુલ મુદ્દામાલ ની કિં.રૂા.૭૧,૩૫,૨૦૦/- નો પોતાના કબજામા રાખી અને નહી પકડાયેલ આરોપી ગોરધનલાલ ડુગરારામ ડઉકીયા (જાટ) રહે.ગામ ભોરટીયા તા.જી.બાડમેર પોલીસ સ્ટેશન નાગાના રાજસ્થાન નાએ ઉપરોકત ટેન્કરમા પોસ ડોડાનો જથ્થો ગે.કા. રીતે વગર પાસ પરમીટે ભરાવી આપી એક રાજયમાથી બીજા રાજયમા હેરફેર કરાવી પોલીસની રેઇડ દરમ્યાન સદરી ડ્રાઇવર પકડાઇ જતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી પો.ઇન્સ. એસ.ઓ.જી./એલ.સી.બી. નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

**જુગારધારા હેઠળ શોધી કાઢવામા આવેલ ગણનાપાત્ર કેસ-૦૧**

(૧) વેજલપુર પોલીસ સ્ટેશન પાર્ટ “બી” ગુ.ર.નંબર.૧૧૨૦૭૦૭૬૨૨૦૪૬૧/૨૦૨૨ જુગાર ધારા કલમ-૧૨ મુજબના કામે તા.૧૮/૧૦/૨૦૨૨ ક.૧૨/૧૫ વાગ્યે રહે.વેજલપુર તાડ ફળીયામા આરોપીઓ (૧) રમજાની ફારૂક પઠાણ ઉ.વ.૨૨ રહે.વેજલપુર મીઠાકુવા તા.કાલોલ જી.પંચમહાલ (૨) ઈલ્યાસ ઈબ્રાહીમ ખુંધા ઉ.વ.૪૫ રહે.વેજલપુર પ્લોટ વિસ્તાર તા.કાલોલ જી.પંચમહાલ (૩) આરીફ ફારૂક પઠાણ ઉ.વ.૨૦ રહે.વેજલપુર મીઠાકુવા તા.કાલોલ જી.પંચમહાલ (૪) સદામ સિકંદર પાડવા ઉ.વ.૨૮ રહે.વેજલપુર તાડ ફળીયુ તા.કાલોલ જી.પંચમહાલ નાઓ ભેગા મળી પોતાના અંગત ફાયદા સારૂ પત્તા-પાનાનો જુગાર રૂપીયા વડે રમી રમાડી રેઈડ દાવ ઉપરના રોકડા કુલ.રૂ.૬૫૦૦/- તથા પકડાયેલ ઇસમોની અંગ જડતી માંના રોકડા રૂ.૫૮૫૦/- તથા સદર જગ્યાએથી મળી આવેલ પત્તા-પાના નંગ-૫૨ જેની કિમત રૂપિયા.૦૦/૦૦ મળી કુલ કિંમત.રૂ.૧૨,૩૫૦/- ના મુદામાલ સાથે જુગાર રમી રમાડતા આરોપીઓ પકડાઇ જતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી પો.સ.ઇ. વેજલપુર પો.સ્ટે. નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

**પ્રોહીબિશન હેઠળ શોધી કાઢવામા આવેલ ગણનાપાત્ર કેસ-૦૬**

(૧) મોરવા(હ) પોલીસ સ્ટેશન સી.પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૭૦૪૮૨૨૦૬૫૦/૨૦૨૨ પ્રોહી એકટ ક.૬૫(એ), ૬૫(ઇ), ૯૮(૨), ૧૧૬બી મુજબના કામે તા.૧૮/૧૦/૨૦૨૨ ના ક.૦૬/૪૫ વાગ્યે મોજે.ખાબડા રોડ ઉપર આરોપી કૌશિકભાઇ નાહજીભાઇ આમલીયાર રહે.ઝરી બુઝર્ગ તા.ગરબાડા જી.દાહોદ હાલ રહે.તારાપુર ખંભાત રોડ ખોડીયાર નગર તા.તારાપુર જી.આણંદ નાએ પોતાના કબ્જાની ફોર વ્હીલ ગાડીમાં પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે ૫૦૦ મી.લી. ના કિંગફીસર સુપર સ્ટ્રોગ બીયર માર્કાની પેટીઓ નંગ-૦૫ માં ભરેલ ટીન બીયર નંગ-૧૨૦ ની કિમંત રૂ.૧૯૨૦૦/- તથા ૧૮૦ મી.લી. રોયલ સિલેક્ટ વ્હીસ્કી માર્કાના

પ્લાસ્ટીકના છુટ્ટા ક્વાટરીયા નંગ-૭૨ કિ.રૂ.૯૩૬૦/- મળી ટીન બીયર તથા પ્લાસ્ટીકના ક્વાટરીયા કુલ નંગ-૧૯૨ ની કુલ કિ.રૂ.૨૮,૫૬૦/- તથા અંગ ઝડતીમાંથી મળી આવેલ મોબાઇલ ફોન નંગ-૦૧ ની કિ.રૂ.૫૦૦૦/- તથા પકડાયેલ ટાટા નેનો ફોર વ્હીલ ગાડી નંબર GJ 01-KC-9536 ની કિં. રૂ.૧,૦૦,૦૦૦/- મળી કુલ કિંમત રૂપિયા ૧,૩૩,૫૬૦/-નો મુદ્દામાલ રાખી પકડાઇ જતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી પો.સ.ઇ. મોરવા પો.સ્ટે. નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

(૨) રાજગઢ પોલીસ સ્ટેશન પાર્ટ-સી ગુ.ર.નં.૧૧૨૦૭૦૫૫૨૨૦૪૪૪/૨૦૨૨ પ્રોહી એક્ટ કલમ ૬૫એ, ૬૫ઇ, ૧૧૬બી મુજબના કામે તા.૧૮/૧૦/૨૦૨૨ ના ક.૧૮/૪૫ વાગ્યે મોજે.દાઉદ્રા તા. ઘોઘંબા જી.પંચમહાલ ખાતે આરોપી થાવરભાઇ ભીમસિંહ રાઠવા રહે.દાઉદ્રા પ્રાથમિક શાળા ફળીયુ તા. ઘોઘંબા જી.પંચમહાલ નાએ પ્રોહી પ્રીબંધક એરીયામા વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે માઉન્ટસ ૬૦૦૦ સુપર સ્ટ્રોંગ બીયર પ્રોડ્યુસ ઓફ ઇંડીયા 500 ML ના બીયર નંગ-૩૦ કીમત રૂ.૨૭૩૦/- તથા ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારૂના પ્લાસ્ટીકના કવાટરીયા નંગ-૨૯૦ કિ.રૂ-૨૮૧૩૦/- મળી કુલ રૂ-૩૦૮૬૦/- નો પ્રોહી મુદામાલ રાખી પોલીસની રેઇડ દરમ્યાન પકડાઈ જતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી પો.સ.ઇ. રાજગઢ પો.સ્ટે. નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

(3) દામાવાવ પો.સ્ટે. PART (C) 11207077220366/2022 પ્રોહી એક્ટ કલમ ૬૫ (એ), ૬૫ (ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧, ૮૨, ૮૩ મુજબના કામે તા.૧૯/૧૦/૨૦૨૨ ક.૨૨/૧૫ મોજે.દામાવાવ ચોકડી પાસે આરોપીઓ (૧) રાહુલકુમાર રતનલાલ ગરવાલ ઉ.વ.૨૦ રહે.કંસારબર્ડી ટાંડા બનઝારા પાડા ફળીયું તા.પેટલાવાડ જી.જાબુઆ (એમ.પી) (૨) સુરેશકુમાર અંબારામ ગરવાલ ઉ.વ.૩૪ રહે.કંસારબર્ડી ટાંડા બનઝારા પાડા ફળીયું તા.પેટલાવાડ જી.જાબુઆ (એમ.પી) (૩) સંજયસીંધ મો.નં.૬૨૬૬૩૯૨૫૩૭ સારંગી તા.પેટલાવડ જી.જાબુઆ (એમ.પી) ના ઠેકા ઉપર નોકરી કરનાર નાઓએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે તેઓના કબજાની હુન્ડાઇ વર્ના ગાડી નંબર જી.જે.૨૩ એ.એફ ૭૪૭૩ માં ભારતીય બનાવટના વિદેશી દારૂ ભરેલ ૧૮૦ એમ.એલ ના કાચના લંડન પ્રાઇડ વ્હીસ્કીના માર્કાવાળા કવાટરીયા નંગ-૧૪૪ કિ.રૂા.૧૯,૪૪૦/- તથા ભારતીય બનાવટના વિદેશી બીયર ભરેલ પતરાના ટીન ૫૦૦ એમ.એલ. પ્રમાણેના માઉન્ટસ ૬૦૦૦ ના માર્કાવાળા ટીન નંગ-૧૪૪ કિ.રૂા.૧૪,૪૦૦/- મળી કુલ રૂા.૩૩,૮૪૦/- તથા આરોપીઓના મોબાઇલ ફોન નંગ-૨ કિ.રૂા.૧૦૦૦૦/- તથા હુન્ડાઇ વર્ના ગાડી નંબર જી.જે.૨૩ એ.એફ ૭૪૭૩ ની કિમત રૂા.૪,૦૦,૦૦૦/- મળી કુલ કિ.રૂા. ૪,૪૩,૮૪૦/- નો મુદ્દામાલ ગુજરાત રાજયમાં દારૂ બંદી અમલમાં હોવા છતા એક રાજયમાંથી બીજા રાજયમાં પ્રોહી પ્રતિબંધક એરીયા વહન કરી લઇ આવી પકડાઇ જતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી પો.સ.ઇ. દામાવાવ પો.સ્ટે. નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

(૪) જાંબુઘોડા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૦૭૦૩૧૨૨૦૨૪૭/૨૨ ગુજરાત પ્રોહી.એકટ કલમ-૬૫(એ)(ઇ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબના કામે તા.૧૮/૧૦/૨૦૨૨ ક.૨૩/૩૦ વાગ્યે મોજે. ડુમા ગામે રોડ ઉપર આરોપીઓ (૧) સુરેશ લક્ષ્મણભાઇ પરમાર રહે.રામેશરા તા.હાલોલ જી.પંચમહાલ (૨) પ્રવિણ કુલસિંગ રાઠવા રહે.ઘોઘાદેવ, સરપંચ ફળીયુ તા.જી.છોટાઉદેપુર નાઓએ પ્રોહી પ્રતીબંધક એરીયામાં વગર પાસ પરમીટે પોતાના કબજાની બજાજ કંપનીની પલ્સર 220F મોટરસાયકલ જેનો રજી નં.GJ-06 KS-3159 ઉપર બે થેલામાં ભારતીય બનાવટનો વિદેશી ભરી વહન કરી હેરાફેરી કરી ભારતીય બનાવટનો વિદેશી દારૂની પ્લાસ્ટીકની બોટલો ૭૫૦ મી.લી ની કુલ નંગ- ૬૦ ની કુલ-કિ.રૂ. ૨૬,૧૦૦/- નો પ્રોહી મુદામાલ તથા મોટરસાયકલ નં.GJ-06 KS-3159 ની કિ આશરે રૂ.૨૫,૦૦૦/- તથા સેમસંગ કંપની Galaxy A52s 5G

**મોબાઇલની કિ.રૂ.૫૦૦૦/- ગણી કુલ કિંમત રૂ.૫૬,૧૦૦/- નો મુદ્દામાલ સાથે સુરેશ લક્ષ્મણભાઇ પરમાર રહે.રામેશરા તા.હાલોલ નાઓએ વેચાણ અર્થે વગર પાસ પરમીટે આપવા જતા હેરફેરી દરમ્યાન પકડાઇ જતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી પો.સ.ઇ. જાંબુઘોડા પો.સ્ટે. નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.**

(૫) રાજગઢ પોલીસ સ્ટેશન પાર્ટ-સી ગુ.ર.નં.૧૧૨૦૭૦૫૫૨૨૦૪૪૯/૨૦૨૨ પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(ઇ) મુજબના કામે તા.૨૦/૧૦/૨૦૨૨ ના ક.૧૦/૩૦ વાગ્યે મોજે.રવેરી તા.ઘોઘબા ખાતે આરોપી અતુલભાઇ બચુભાઇ પરમાર રહે. રવેરી તા.ઘોઘંબા જિ પંચમહાલ નાએ વગર પાસ પરમીટે પ્રોહી પ્રતિબંધક એરીયામા ગે.કા રીતે પોતાના રહેણાક ઘરમા તથા પાછળના ભાગે અલગ અલગ જગ્યાએ ૭૫૦ મી.લી ના ગોવા સ્પીરીટ ઓફ સ્મુથનેશ વ્હીસ્કી ના હોલ નંગ-૪૮ કિ.રૂા.૨૦,૮૮૦/- તથા માઉન્ટસ ૬૦૦૦ સુપર સ્ટ્રોગ બીયર નંગ-૪૮ કિ.રૂા. ૪૮૦૦/- નો મળી કુલ ૨૫,૬૮૦/- નો પ્રોહીમુદામાલ રાખી ઘરે હાજર નહી મળી આવતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી પો.સ.ઇ. રાજગઢ પો.સ્ટે. નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

**(૬) હાલોલ રૂરલ પોલીસ સ્ટેશન સી પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૭૦૭૯૨૨૦૪૧૧/૨૦૨૨ પ્રોહી એકટ કલમ ૬૫(એ), ૬૫(ઈ), ૯૮(૨) મુજબના કામે તા.૨૩/૧૦/૨૦૨૨ ના ક.૧૨/૧૫ વાગે મોજે.વરસડા ચોકડી પાસે આરોપી એક નંબર વગરની સફેદ કલરની બોલેરો ગાડીનો ચાલક નામે હિમંતભાઇ નાનીયાભાઇ નાયક રહે.દુણ તા.જી.છોટાઉદેપુર નાનો પોતાના કબજાની નંબર વગરની બોલેરો ગાડી કિ.રૂ.૩,૦૦,૦૦૦/- નાનીમાં ગેરકાયદેસર રીતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો જેમા નાની મોટી બોટલો નંગ-૫૪૦ કિ.રૂ.૧,૧૦,૦૪૦/- નો એમ મળી કુલ કિ.રૂ.૪,૧૦,૦૪૦/- નો પ્રોહી મુદ્દામાલ પ્રોહી પ્રતિબંધક એરીયામા ગેરકાયદેસર રીત વહન કરી લઇ આવતા પ્રોહી નાકાબંધી દરમ્યાન પોતાના કબજાની ગાડીમાં ભરેલ ઉપરોક્ત પ્રોહી મુદ્દામાલ નાકાબંધી દરમ્યાન છોડી નાશી જતા ઉપરોકત મુદ્દામાલ કબજે કરી પો.ઇન્સ. એલ.સી.બી શાખા ગોધરા નાઓ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.**

**(હિમાંશુ સોલંકી)**
**પોલીસ અધિક્ષક**
**પંચમહાલ ગોધરા**

**<u>નકલ સવિનય રવાના:-</u>**

**(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા.ગાંધીનગર**
**(૨) અધિક પોલીસ મહાનિદેશક શ્રી સ્ટેટ ક્રાઇમ રેકર્ડ બ્યુરો ગુ.રા.ગાંધીનગર**
**(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષક શ્રી પંચમહાલ ગોધરા રેન્જ, ગોધરા.**